# સિહોરમાં ત્રણ દિવસમાં ૧૧૦થી વધુ ભૂંડના રહસ્યમય મોત, ગંભીર રોગચાળાની દહેશત

**સમયસર યોગ્ય તપાસ અને નિયંત્રણ નહિ થાય તો રોગચાળો અન્ય પશુઓ તેમજ માનવ સ્વાસ્થ્ય માટે પણ જોખમ રૂપ બની શકે તેવો સ્થાનિકોને ડર**


તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૧૭

સિહોર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી એક પછી એક ભૂંડોના અચાનક અને રહસ્યમય મોત થવાથી સમગ્ર શહેરમાં ભય, ચિંતા અને ભયની સ્થિતિ સર્જાઈ છે. વોર્ડ નં. ૬, ૭, ૮ અને ૯ સહિતના વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૧૦થી વધુ ભૂંડોના મોત થયાની માહિતી વિશ્વસનીય સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે.આટલા ટૂંકા સમયગાળામાં મોટી સંખ્યામાં ભૂંડોના મોત થવાથી શહેરમાં કોઈ ભયંકર સંક્રમક રોગચાળો ફાટી નીકળ્યો હોવાની ગંભીર દહેશત ફેલાઈ છે.

આ ઘટનાની શરૂઆત બે દિવસ અગાઉ થઈ હતી, જ્યારે સિહોર નગરપાલિકાના પૂર્વ ચેરમેન નટુભાઈ મકવાણા દ્વારા વેલનાથ મહાદેવ મંદિર નજીક તેમજ આંબાવાળી કુઈ પાછળ એક જ વિસ્તારમાં ૨૯ ભૂંડો મૃત હાલતમાં પડેલા હોવાનું જાહેરમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ જાણ થતાં જ નગરપાલિકાના સેનેટરી વિભાગના કર્મચારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી મૃત ભૂંડોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જોકે, પાલિકાની આ કાર્યવાહી બાદ પણ સ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નહી. તેના બાદના બે દિવસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીથી ૮૦થી ૯૦ જેટલા ભૂંડોના મોત થવાથી સ્પષ્ટ થાય છે કે સમસ્યા એકાદ સ્થળ પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર શહેરમાં ફેલાઈ રહી છે. હાલની પરિસ્થિતિને જોતા નગરપાલિકા દ્વારા ઉથરેટી વિસ્તારમાં તેમજ અન્ય જગ્યાએ ખાડાઓ ખોદી મૃત ભૂંડોનો હાલપૂરતો નિકાલ કરવામાં આવી રહ્યો છે, જે આટલા મોટા પાયે મોત સામે અપુરતું અને ચિંતાજનક માનવામાં આવી રહ્યું છે. વિવિધ વોર્ડ અને વિસ્તારોમાં એકસાથે ભૂંડોના મોત થવાથી કોઈ ગંભીર વાયરલ અથવા સંક્રમક રોગ ફેલાયો હોવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી. જો સમયસર યોગ્ય તપાસ અને નિયંત્રણ ન થાય તો આ રોગચાળો અન્ય પશુઓ તેમજ માનવ સ્વાસ્થ્ય માટે પણ જોખમરૂપ બની શકે તેવી ભીતિ સ્થાનિકોમાં વ્યાપી ગઈ છે.

આ સમગ્ર ઘટનાને પગલે નગરપાલિકાના આરોગ્ય તથા સેનેટરી વિભાગના ચેરમેન સુભાષ રાઠોડ, સેનેટરી મેનેજર બલભદ્રસિંહ ચૌહાણ, જયકુમાર મકવાણા, સેનેટરી ઈન્સ્પેક્ટર, સુપરવાઈઝર અને અન્ય કર્મચારીઓની ટીમ સતત કામગીરીમાં લાગી છે. સાથે જ ફોરેસ્ટ વિભાગ અને પશુ ડોક્ટરોની ટીમ પણ સ્થળ પર પહોંચી મૃત ભૂંડોના પોસ્ટમોર્ટમ (સ) કરવાની પ્રક્રિયા હાથ ધરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. છતાં પણ,આટલા મોટા પાયે થયેલા ભૂંડોના મોત અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ કારણ, અધિકૃત નિવેદન કે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી, જે નગરજનોમાં અસંતોષ અને ભય વધુ ઊંડો કરી રહ્યો છે. શહેરમાં સ્વચ્છતા, પીવાના પાણી, ગંદકી અને રોગચાળા નિયંત્રણ અંગે પાલિકાની તૈયારીઓ પર પણ ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સિહોર શહેર હાલમાં એક સંભવિત આરોગ્ય આપત્તિ તરફ આગળ વધી રહ્યું હોય તેવી સ્થિતિ છે. નગરજનો દ્વારા માંગ ઉઠી રહી છે કે તાત્કાલિક વિશેષજ્ઞોની ટીમ દ્વારા વિસ્તૃત તપાસ, રોગચાળાનું મૂળ શોધી કાઢી કડક નિયંત્રણ પગલાં લેવામાં આવે તેમજ સમગ્ર મામલે પારદર્શક રીતે સચોટ માહિતી જાહેર કરવામાં આવે. સમયસર અને અસરકારક કાર્યવાહી નહી થાય તો સ્થિતિ વધુ વિકટ બનવાની પૂરી શક્યતા છે —આ માત્ર ભૂંડોના મોતનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર શહેરના સ્વાસ્થ્યનો પ્રશ્ન બની ગયો છે.

# રૂપાણી સર્કલ પાસે કારની તોડફોડ કરનારા બે આરોપી ઝડપાયા

**ઈન્સ્ટાગ્રામમાં બ્લોક કરવા મુદ્દે મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી તોડફોડ કરી હતી**



ભાવનગર,તા.૧૭

ભાવનગરના રૂપાણી સર્કલ નજીક આવેલ શાંતિજ્યોત ફ્લેટમાં રહેતી મહિલા સાથે ચાર દિવસ પૂર્વે ઈન્સ્ટાગ્રામ મુદ્દે ધમકી અને તોડફોડની ઘટના સામે આવી હતી.આ મામલે ઘોઘા રોડ પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રૂપાણી સર્કલ નજીક આવેલ શાંતિજ્યોત બિલ્ડિંગ ફ્લેટમાં રહેતી શેરી ગુપ્તાએ ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા ધરાવતા નિત બારૈયા અને તેના એક અજાણ્યા સાથી સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ૧૩ જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે ફરિયાદી મીઠાઈ લઈને ઘરે આવી અને ફ્લેટની નીચે ઉભી હતી, ત્યારે નિત બારૈયા અને તેનો મિત્ર ટુ-વ્હીલર પર ત્યાં પહોંચ્યા હતા.

આ સમયે નિત બારૈયાએ ફરિયાદીને પૂછ્યું હતું કે તેને ઈન્સ્ટાગ્રામ પર કેમ બ્લોક કર્યો છે. જેના જવાબમાં ફરિયાદીએ જણાવ્યું કે નિત બારૈયા ઈન્સ્ટાગ્રામ પર અશ્લીલ ગાળો આપતો અને વારંવાર જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાથી તેને બ્લોક કરવામાં આવ્યો હતો. આ વાત સાંભળતાં જ નિત બારૈયા ઉશ્કેરાઈ ગયો અને ભુંડાબોલી ગાળો આપી તલવાર અને લોખંડનો પાઈપ કાઢી ફરિયાદીની ફોરવ્હિલ ગાડીના આગળ-પાછળ તથા સાઈડના કાચ તોડી નાંખ્યા હતા.

# કુંભારવાડા હત્યા કેસમાં પાંચ આરોપી ઝડપાયા હત્યારાઓની બોડી લેન્ગવેજ ચર્ચાસ્પદ



**ભાવનગરના કુંભારવાડા ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ગુરુવારે મોડી રાત્રે એક ૨૩ વર્ષીય યુવાન સાહિલભાઈ સૈયદની હત્યા કરવામાં આવી હતી. આ મામલે બોરતળાવ પોલીસે ગણતરીના પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં નદીમભાઈ મનસુરભાઈ સોરઠીયા, સલીમભાઈ કાસમભાઈ સોરઠીયા, સાહીલભાઈ રસુલભાઈ શાહ, શાહનવાજ સલીમભાઈ સોરઠીયા અને સીદીકભાઈ સલીમભાઈ સોરઠીયાનો સમાવેશ થાય છે. જોકે, પોલીસે હત્યારા શખ્સોને ઝડપી લીધા બાદ પણ આરોપીઓના મુખ પાર રંજ કે પોલીસનો કોઈ દર ના હોય તેમ બોડી લેન્ગવેજ જણાતી હતી. આ મામલે ભારે ચર્ચાઓ ઉઠી છે. પોલીસ સ્ટેશનમાં ફોટા પડતા હતા ત્યારે આરોપી છાતી કાઢીને ઉભા તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું.!!**

# મહારાષ્ટ્રમાં 'કમળ' ખીલી ઉઠતા શહેર ભાજપે ફટાકડા ફોડી મોં મીઠા કર્યા, બે મંત્રીની હાજરી

**જનતાએ ફરી એકવાર સાબિત કર્યું કે વિકાસની રાજનીતિ અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ તેમનો વિશ્વાસ ; મંત્રી જીતુ વાઘાણી**




તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૭

મહારાષ્ટ્ર વિધાનસભાની ભવ્ય જીત બાદ હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ ભારતીય જનતા પાર્ટીએ ડંકો વગાડ્યો છે. મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાઓમાંથી ૨૩માં સ્પષ્ટ બહુમતી મળતા ગુજરાત સહિત દેશભરમાં ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. ત્યારે ભાવનગર ખાતે ફટાકડા ફોડી , મોં મીઠા કરી શહેર ભાજપે વિજયોતસ્વ મનાવ્યો હતો જેમાં રાજ્ય સરકારના બે મંત્રીઓની પણ ઉપસ્થિતિ રહી હતી.

?મહારાષ્ટ્રની આ ઐતિહાસિક સફળતાને વધાવવા માટે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે, જગદીશભાઈ વિશ્વકર્માના નેતૃત્વમાં વિજયોત્સવ મનાવાઈ રહ્યો છે, ભાવનગર શહેરના ઘોઘા ગેટ ખાતે શહેર પ્રમુખ કુમારભાઈ શાહના નેતૃત્વમાં ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.

આ તકે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આ જીતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ પર જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ ગણાવ્યું હતું. વડાપ્રધાન મોદી અને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહારાષ્ટ્રની જનતાએ ભાજપ પર અપાર ભરોસો મૂક્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ ૨૩ જેટલી મહાનગરપાલિકાઓમાં પોતાના મેયર બનાવી શકે તેવી સ્થિતિમાં છે હજુ પણ અન્ય પાલિકાઓમાં ભાજપના મેયર બને તેવી પ્રબળ શક્યતાઓ તેમણે વ્યક્ત કરી હતી.આ પ્રસંગે પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરિયા, મેયર અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા, મહારાષ્ટ્રના પરિણામોથી કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ સંચરાયો છે, જે ગુજરાતની આગામી ચૂંટણીઓમાં પણ વિજયી વિશ્વાસ અપાવશે."

# માળનાથ ગ્રુપ દ્વારા ૬૬ કિલો દોરા એકઠા કરી નાશ કરાયો

**ઝાડ, થાંભલા પર લટકતા દોરાથી મનુષ્ય અને પક્ષીઓના જીવને જોખમ**

ભાવનગર,તા.૧૭

જય માળનાથ ગૃપ દ્વારા ઉત્તરાયણ બાદ પક્ષી બચાવવા માટે ઝાડ, થાંભલા, કોમ્પ્લેક્ષ, ફ્લેટથી દોરા ઉતારી નાશ કરવામા આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે ૬૬ કિલોથી વધારે દોરી એકઠી કરીને સળગાવી દીધી હતી. ઉત્તરાયણ બાદ પતંગના દોરા ચારે બાજુ હતા. પગમાં તથા વાહનમાં આવે છે. ઝાડ તથા થાંભલાઓ ઉપર લટકતા દોરા, ફ્લેટ, કોમ્પ્લેક્ષમાં હોય ત્યાંથી ઉતારવા જરૂરી છે. જય માળનાથ ગૃપ દ્વારા ઉત્તરાયણના બીજા દિવસે દોરા ઉતારી તેને બાળી નાંખે છે.

આ વખતે પણ હરિભાઈ શાહ, પકાભાઈ રીક્ષાવાળા, લાલાભાઈ રસોયા, હુસેનભાઈ સૈયદ, દર્શન ચૌહાણ તથા માધવ પરમાર, રાજવીર ચુડાસમા, ગૃપ મેમ્બરોએ મોટા જથ્થામાં દોરા એકઠા કરેલ છે અને તેને બાળવાનો પ્રોગ્રામ તા.૧૫મી જાન્યુઆરીને ગુરૂવારે



મોતીબાગ રોડ, સાગર કોમ્પ્લેક્ષ સામે બાળવામાં આવ્યા હતા. આ પણ એક પ્રકારનું હવન જેવું જ કામ છે. ઝાડ પર તથા અન્ય જગ્યાએ લટકતા દોરાથી પક્ષી તથા મનુષ્યનો જીવ જોખમમાં મુકાય છે. ઝાડ ઉપરથી અગાશી ઉપરથી કોમ્પ્લેક્ષ ફ્લેટ તથા રોડ ઉપર તથા છાપરા ઉપર ભરાયેલ દોરા એકઠા કરી તેનો નાશ કરવા માળનાથ ગૃપ દ્વારા અપીલ કરાઈ છે.

# પાલિતાણા: શોભાયાત્રામાં મહિલાના પર્સમાંથી ૧૪.૯૨ લાખના દાગીના ચોરાયા

ભાવનગર,તા.૧૭

પાલીતાણા ખાતે યોજાયેલા અઢીદ્રીપ ખાતે દીક્ષાના મહોત્સવ દરમિયાન યાત્રા અને વરઘોડાની ભીડમાં એક શ્રદ્ધાળુ મહિલાના પર્સમાંથી અંદાજે રૂ. ૧૪.૯૨ લાખ કિંમતનું સોનાનું ઘરેણું ચોરી જવાની ઘટના બનતા પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાસિક, મહારાષ્ટ્રથી આવેલા લીલાબેન સુરેશભાઈ માલુએ પોલીસ ને જણાવ્યું હતું કે તેઓ પોતાની દીકરી, જમાઈ, પતિ અને પુત્ર સાથે પાલીતાણામાં અઢીદ્રીપ દીક્ષાના મહોત્સવમાં ભાગ લેવા આવ્યા હતા અને જૈન ધર્મશાળામાં રોકાયા હતા.મહોત્સવ દરમ્યાન તેમની દીકરી અને જમાઈ શેત્રુંજય પર્વત પર જાત્રા કરવા ગયા હતા અને ત્યારબાદ વિવિધ ધાર્મિક સ્થળોએ દર્શન કરી દીક્ષાર્થીઓના વરઘોડામાં જોડાયા હતા.

આ સમયે લીલાબેનના પર્સમાં તેમની દીકરીના સોનાના ઘરેણાં સોનાની બંગડીઓ, પેન્ડલવાળી ચેન, ૪ જોડ સોનાની બુટ્ટી અને ૩ સોનાની વીટીઓ સહિત કુલ ૧૩૪ ગ્રામ સોનું રાખવામાં આવ્યું હતું, જેની અંદાજીત કિંમત રૂ. ૧૪,૯૨,૭૯૯ થાય છે.વરઘોડાની ભીડ દરમિયાન અચાનક પર્સ તરફ ધ્યાન જતા તેની ચેન ખુલ્લી જણાઈ અને અંદર માત્ર મોબાઈલ દેખાતાં સમગ્ર પર્સ તપાસવામાં આવ્યું, જેમાં સોનાનો માલ સામાન ગાયબ હોવાનું બહાર આવ્યું. બાદમાં આજુબાજુ તથા અગાઉ ગયેલા ધાર્મિક સ્થળોએ શોધખોળ કરવામાં આવી, પરંતુ સોનાનું કોઈ અત્તાપત્તો ન મળતા આખરે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# અગ્રવાલ સમાજ દ્વારા રેડક્રોસ સોસાયટીના સહકારથી કાલે યોજાશે મેગા મેડિકલ કેમ્પ

**સ્થળ પર જ લેબોરેટરી, દવાઓ અને ચશ્મા વિતરણ થશે, રક્તદાન શિબિર પણ યોજાશે**

ભાવનગર,તા.૧૭

અગ્રવાલ સમાજ દ્વારા સ્વ.શીલાદેવી જૈન અને સ્વ.હંસરાજજી જૈન ની સ્મૃતિમાં રેડક્રોસ સોસાયટીના સહકારથી મેગા મેડિકલ કેમ્પ અને ચશ્મા વિતરણ કેમ્પ યોજાશે.અગ્રવાલ સમાજ ભાવનગર દ્વારા ભાવનગરના દરેક નાગરિકો અને જરૂરીયાતમંદ દર્દીઓ માટે તા.૧૮/૧/૨૬ ને રવિવારે સવારે ૧૦ થી ૨ દરમ્યાન અગ્રવાલ સમાજ હોલ, સાગવાડી, કાળિયાબીડ ભાવનગર ખાતે મેગા મેડિકલ નિદાન અને સારવાર કેમ્પ અને ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

અગ્રવાલ સમાજ દ્વારા ભાવનગરના નાગરિકો માટે અલગ અલગ કેમ્પનું નિયમિત રીતે આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે કિરણ ગ્રુપના સહકારથી યોજાનાર મેગા કેમ્પમાં બીપી, ડાયાબિટીસ, થાઈરોડ, સ્ત્રી રોગ, હાડકા, ચામડી, ફેફસા, આંખ, કાન નાક ગળા,દાત,ના રોગ નિષ્ણાત ઉપરાંત ફિઝિયોથેરાપી અને નેચરોપેથી ઉપચાર સાથે જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.

કેમ્પમાં ડોકટરની સલાહ મુજબ ઈસીજી કાર્ડિયોગ્રામ, ફેફસાના રોગો માટે સ્પાયરોમેટ્રી, કાન માટે ઓડિયોમેટ્રી, હાડકાની ધનતા માટે બીએમડી રિપોર્ટ, ઉપરાંત લેબોરેટરીના જરૂરી તમામ ટેસ્ટ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં આંખની તપાસ કરીને ચશ્મા આપવામાં આવશે. આ કેમ્પ માં રેડક્રોસ બ્લડ બેન્કના સહકારથી થેલેસેમિયા અને હિમોફિલિયા, કેન્સર અને સગર્ભા બહેનોના દર્દીઓના લાભાર્થે રક્તદાન શિબિર યોજાશે જેનો લાભ લેવા નવરજનોને અગ્રવાલ સમાજ , રેડક્રોસ અને સ્વ. શિલાદેવી હંસરાજજી જૈન પરિવાર તથા કિરણ ગ્રુપ દ્વારા નિમંત્રણ આપવામાં આવેલ છે. આ કેમ્પ દરમ્યાન રેડક્રોસ સોસાયટીને મળેલ ભારતની પ્રથમ દસ પ્રકાર કેન્સરના કેન્સરના પ્રાથમિક સ્ક્રીનીગ માટેની આશાવેનનું નિદર્શન પણ કરવામાં આવશે.

# શહેરના વિઠ્ઠલવાડી અને માઢીયા રોડ સહિતના વિસ્તારોમાં સોમવારથી તબક્કાવાર વીજકાપ

**ત્રણ દિવસ મરામતની કામગીરી દરમિયાન ૭ કલાકનો વીજકાપ જાહેર**

ભાવનગર,તા.૧૭

પી.જી.વી.સી.એલ. દ્વારા આગામી તા.૧૯મીને સોમવાર થી તા.૨૧મી બુધવાર દરમિયાન ૧૧ કે.વી.ના શાસ્ત્રીનગર, સ્ટેશન રોડ અને વિઠ્ઠલવાડી ફિડરોમાં ત્રણ દિવસ મરામતની કામગીરી દરમિયાન સવારે ૭ થી બપોરના ૧ સુધી ૭ કલાકનો વીજકાપ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સોમવારે ૧૧ કે.વી. શાસ્ત્રીનગર ફિડર (આંશિક) નીચે આવતા ગોંડલિયાની વાડી, વિઠ્ઠલવાડી ત્રણ માળીયા, જવાહરનગર, શાસ્ત્રીનગર પાછળનો વીસ્તાર (જુના કુવા) તથા ભાયાણીની વાડી, ઘંટીવાળો ચોક, પારસમણી ફ્લેટ, રત્નસાગર ફ્લેટ, ઘાનાવાળો ખાંચો તથા આજુબાજુના વિસ્તારમાં વીજકાપ લદાયો છે. મંગળવારે ૧૧ કે.વી. માઢીયા ફિડર (આંશિક) નીચે આવતા માઢીયા રોડ, મ્યુ.ડ્રેનેજ, શર્મા રોલિંગ મિલ પાસેનો સમગ્ર ઈન્ડસ્ટ્રીયલ વીસ્તાર, જલારામ રોલિંગ મીલ, વિક્ટર રોડના ડેલા તેમજ આજુબાજુનો સમગ્ર વીસ્તાર, ઠક્કરબાપા સોસાયટી તથા આજુબાજુના વિસ્તારમાં વીજકાપ લદાયો છે. આ ઉપરાંત તા.૨૧મી જાન્યુઆરી-૨૦૨૬ બુધવારે ૧૧ કે.વી. વિઠ્ઠલવાડી ફિડર નીચે પ્રીત સરોવર હોટલ, જીઆઈડીસી ઓફિસ, વિઠ્ઠલવાડી જીઆઈડીસી, ગવર્મેન્ટ પ્રીન્ટીગ પ્રેસ, ખોડીયાર આઈસ્ક્રીમ, શેઠ બ્રધર્સ, ઉદ્યોગનગર ઈન્ડોર તેમજ આજુબાજુનો વિસ્તારમાં વીજકાપ રહેશે. PGVCL દ્વારા મરામતની કામગીરી વહેલું પૂર્ણ થયે વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

# લાંબા સમયના અંતર બાદ ભાવનગર પધારશે મહંતસ્વામી

ભાવનગર,તા.૧૭

BAPS સ્વામિનારાયણ સંસ્થાનાં વડા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ ૯૨ વર્ષની ઉંમરે પણ સત્સંગનાં પ્રચાર - પ્રસાર અને ભક્તો- ભાવિકોનાં ભાવ પૂર્ણ કરવાં અને સત્સંગનાં વિકાસ માટે સતત વિચરણ કરતાં રહ્યા છે. આગામી તા.૨થી ૧૫ એપ્રિલ દરમિયાન તેઓ ભાવનગર આવી રહ્યા છે.

છેલ્લે ૨૦૧૮નાં વર્ષમાં ભાવનગરનાં હરિભક્તોને લાભ આપ્યા બાદ પરમ પૂજ્ય સ્વામીએ રણ પ્રદેશ એવાં અબુધાબીમાં સાત ભવ્ય શિખરો ધરાવતા મંદિરની રચના કરી, અમદાવાદમાં તેમના ગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી



મહારાજ શતાબ્દી મહોત્સવ ભવ્યતાથી ઉજવ્યો અને સંસ્થનાં સમર્પિત કાર્યકરોને બિરાદાવતો ભવ્ય કાર્યકર સુવર્ણ મહોત્સવ અમદાવાદનાં મોટેરામાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઉજવણી કરી ઉપરાંત અમેરિકામાં ભવ્ય અક્ષરધામનું નિર્માણ અને પ્રતિષ્ઠા ઉત્સવ કર્યા..અને એવાં અનેક મોટા કાર્યો દેશ વિદેશમાં સત્સંગ પ્રચારઅર્થે કર્યા છે.

સાત વર્ષનાં લાંબા સમયગાળા બાદ ભાવનગરનાં હરિભક્તો અને નાગરિકોનાં ભાવ પૂર્ણ કરવાં માટે એપ્રિલ મહિનાની તારીખ ૨ થી ૧૫ સુધી ભાવનગરમાં પધારી રહ્યા છે. ત્યારે અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિરમાં હર્ષના માહોલ સાથે દિવાળી જેવો ઉત્સવી માહોલ રચાયો છે.આવતા દિવસોમાં પૂજ્ય સ્વામીનાં આગમન અને ભાવનગર રોકાણ દરમ્યાનનાં વિવિધ કાર્યક્રમો વિગતવાર જણાવવામાં આવશે. દરરોજ કંઈક વિશેષ આયોજન દ્વારા હરિભક્તો પોતાના ભાવ પ્રકટ કરીને ધન્યતા અનુભવશે.

# ભાવનગરના સ્કાઉટ ગાઈડનો નેશનલ જંબોરીમાં શ્રેષ્ઠ દેખાવ

ભાવનગર,તા.૧૭

ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ ન્યૂ દિલ્હી દ્વારા તા. ૯થી ૧૩ જાન્યુઆરી દરમિયાન બાલોદ - છત્તીસગઢ ખાતે પ્રથમ નેશનલ રોવર રેંજર જંબોરીનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ભારતના તમામ રાજ્યો અને સિનિયર રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા રોવર રેંજર એકત્ર થયાં હતાં ત્યારે આ કેમ્પમાં ભાવનગર અને અમદાવાદના રોવર રેંજર દ્વારા ગુજરાતનું નેતૃત્વ કરવામાં આવેલ અને સ્ટેટ એક્ઝિબિશન,કેમ્પ ફાયર, એથનિક ફેશન શો,યુથ પાર્લામેન્ટ,યુથ ફોરમ, ફોક ડાન્સ વિગેરે પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો

જ્યારે યુથ ફોર્મમાં સમગ્ર દેશમાંથી આવેલા રાજ્યોના વિદ્યાર્થીઓમાં ચેર પર્સન અને વાઈસ ચેર પર્સન તરીકે ગુજરાતના




રોવર રેંજરને નિયુક્ત કરાયા હતા અને "યુવા શક્તિ સે રાષ્ટ્ર નિર્માણ" સૂત્રને સાર્થક કર્યું હતું જંબોરી દરમિયાન છત્તીસગઢ રાજ્યના સીએમ વિષ્ણુદેવ રાય મુખ્ય મહેમાન તરીકે અને શિક્ષણ મંત્રી ગજેન્દ્ર યાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર દેશમાંથી આવેલા રોવર રેંજરને આવકાર્યા હતા ગુજરાતના કન્ટીજન લીડર તરીકે સિલ્વર ઓક યુનિવર્સિટીના પ્રોગ્રામ ઓફિસર ધ્રુવાબેન ભટ્ટે સેવા આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)